# પાકિસ્તાનને હરાવી ભારતે એશિયાડમાં સતત બીજી વખત ગોલ્ડ જીત્યો

**અભિષેક** શર્મા અને તિલક વર્માની આક્રમક ફિફ્ટી

**ભારતના** 211 રન સામે પાકિસ્તાન 192 રન બનાવી શક્યું

**2024** ટી20 વર્લ્ડકપ પછી ભારતે પાકિસ્તાન સામેની તમામ 6 મેચ જીતી

**સુંદરની** 18મી ઓવર મેચ ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ



નિશીન, તા. 3 (પીટીઆઈ): અભિષેક શર્માની તોફાની ફિફ્ટી અને તિલક વર્માની આક્રમક બેટિંગના દમ પર ભારતે એશિયન ગેમ્સ ક્રિકેટમાં પોતાના ગોલ્ડ મેડલનો બચાવ કરતા ફાઈનલમાં ચિરપ્રતિદ્વંદ્વી પાકિસ્તાનને 19 રને પરાજ્ય આપ્યો છે. આ જીત સાથે ભારતે 2024 ટી-20 વર્લ્ડકપથી પાકિસ્તાન સામે હેડ-ટુ-હેડ રેકોર્ડમાં 6-0થી વિજયી વર્ચસ્વ જાળવી રાખવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે 20 ઓવરમાં 6 વિકેટે 211 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. વિશ્વના નંબર-1 ટી-20 બેટર અભિષેક શર્માએ માત્ર 20 બોલમાં ફિફ્ટી પૂરી કરીને 28 બોલમાં 7 છગ્ગા સાથે 61 રન ફટકાર્યા હતા. ભારતે પાવરપ્લેમાં જ 81 રન બનાવી દીધા હતા. છેલ્લી ઓવરોમાં તિલક વર્માએ 22 બોલમાં અણનમ 51 અને શિવમ દુબેએ 15 બોલમાં 27 રન ફટકારી માત્ર 5 ઓવરમાં 62 રન ઉમેર્યા હતા. ભારતીય ઈનિંગ્સમાં કુલ 15 છગ્ગા લાગ્યા હતા.

જવાબમાં પાકિસ્તાનની ટીમ હસન નવાઝની 51 બોલમાં 96 રનની લડાયક ઈનિંગ્સ છતાં 20 ઓવરમાં 6 વિકેટે 192 રન બનાવી શકી હતી. જસપ્રીત બુમરાહ અને વોશિંગ્ટન સુંદરની (2 વિકેટ) આખરી ઓવરોમાં શિસ્તબદ્ધ બોલિંગે ભારતની જીત નિશ્ચિત કરી હતી. પાકિસ્તાન તરફથી હસન નવાઝ ખૂબ જ આક્રમક બેટિંગ કરી રહ્યો હતો અને ભારતીય સ્પિનરો સામે સતત મોટા શોટ્સ રમીને રન બનાવી રહ્યો હતો.

પરંતુ મેચની 18મી ઓવરમાં વોશિંગ્ટન સુંદરે અદ્ભુત સંયમ અને શાંતિ બતાવીને માત્ર 8 રન જ આપ્યા હતા જેના પગલે પાકિસ્તાન પર જરૂરી રન રેટનું દબાણ ખૂબ વધી ગયું હતું. આમ સુંદરની 18મી ઓવર મેચ ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ હતી.

# ભારતીય પુરૂષ ટીમે હોકીમાં મલેશિયાને હરાવી ગોલ્ડ મેડલ જાળવી રાખ્યો




**મલેશિયાને** 5-1થી કચડીને 2028 ઓલિમ્પિક્સમાં સ્થાન પાક્કું કર્યું

**કેપ્ટન** હરમાનપ્રીત સિંહના બે ગોલ, ટુર્નામેન્ટમાં સૌથી વધુ 12 ગોલ કરનાર ખેલાડી બન્યો

કાકમીઘારા, તા.3 (પીટીઆઈ): કેપ્ટન હરમાનપ્રીત સિંહના શાનદાર બે ગોલની મદદથી ભારતીય પુરૂષ હોકી ટીમે શનિવારે મલેશિયાને 5-1થી હરાવીને એશિયન ગેમ્સમાં સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. આ જીત સાથે ભારતે 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે.

ભારત તરફથી હરમાનપ્રીત સિંહે (11મી અને 57મી મિનિટ), જુગરાજ સિંહે (23મી), હાર્દિક સિંહે (42મી) અને શિલાનંદ લાકડાએ (54મી મિનિટ) ગોલ કર્યા હતા. મલેશિયા તરફથી શેલો સિલ્વેરિયસે 14મી મિનિટે એકમાત્ર ગોલ કર્યો હતો. હરમાનપ્રીત ટૂર્નામેન્ટમાં સૌથી વધુ 12 ગોલ કરનાર ખેલાડી બન્યો હતો.

આ મેચ સાથે ભારતે અનેક રેકોર્ડ્સ બનાવ્યા છે.

એશિયન ગેમ્સના ઇતિહાસમાં પ્રથમ વખત ભારતે એક જ એડિશનમાં પુરૂષ અને મહિલા બંને હોકી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. પાકિસ્તાન પછી સતત બે ગોલ્ડ મેડલ જીતનાર ભારત બીજી ટીમ બની છે. હરમાનપ્રીત બે એશિયાડ ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો છે, જ્યારે મનપ્રીત સિંહે કારકિર્દીનો ત્રીજો એશિયાડ ગોલ્ડ જીત્યો છે.

## મહિલા હોકી ટીમે પણ ઈતિહાસ રચ્યો

પુરૂષ ટીમની આ જીતના એક દિવસ પહેલાં જ ભારતીય મહિલા હોકી ટીમે પણ ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનને 1-0 થી હરાવીને 44 વર્ષ બાદ એશિયન ગેમ્સનો ખિતાબ જીત્યો હતો અને ઓલિમ્પિક્સનું સ્થાન પાક્કું કર્યું હતું.

## ભારતે એશિયાડમાં સતત બે ગોલ્ડ જીતવાના રેકોર્ડની બરાબરી કરી

» એશિયન ગેમ્સ હોકીમાં સતત બે ગોલ્ડ જીતનાર ભારત બીજી ટીમ બની છે, આ પહેલાં પાકિસ્તાને સતત બે ગોલ્ડ જીત્યા હતા.

» એશિયાડના ઇતિહાસમાં પ્રથમ વખત ભારતે પુરૂષ અને મહિલા બંને વિભાગમાં એકસાથે ગોલ્ડ જીત્યો.

» હરમાનપ્રીત બે એશિયાડ ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો

# રેસલિંગમાં વર્લ્ડ ચેમ્પિયનને હરાવી અમન સેહરાવતે ગોલ્ડ જીત્યો

**ભારતીય** રેસલર્સે કુલ 6 મેડલ સાથે અભિયાન પૂરૂં કર્યું

**2018** જકાર્તા ગેમ્સ પછી ભારતે પ્રથમ વખત રેસલિંગમાં 2 ગોલ્ડ મેડલ જીત્યા




નાગોયા, તા. 3 (પીટીઆઈ): ભારતના 23 વર્ષીય રેસલર અમાન સેહરાવતે એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરતા પુરુષોની 57 કિગ્રા ફ્રીસ્ટાઈલ ફાઈનલમાં ઉત્તર કોરિયાના વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ચોંગ સોંગ હાનને 10-7 થી હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. પેરિસ ઓલિમ્પિક્સના બ્રોન્ઝ મેડલ વિજેતા અમાને 2023 હેંગઝોઉ ગેમ્સના પોતાના બ્રોન્ઝ મેડલને ગોલ્ડમાં અપગ્રેડ કર્યો હતો.

શુક્રવારે સુજીત કલકલના ગોલ્ડ બાદ ભારતનો આ રેસલિંગમાં બીજો ગોલ્ડ મેડલ છે. આ સાથે જ ભારતે 2018 જકાર્તા એશિયાડ (બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટ) પછી પ્રથમ વખત એક જ એશિયન ગેમ્સમાં રેસલિંગમાં 2 ગોલ્ડ મેડલ જીતવાના રેકોર્ડની બરોબરી કરી છે.

ભારતે કુશ્તી અને રેસલિંગ સ્પર્ધામાં કુલ 6 મેડલ (2 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ) સાથે પોતાનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું છે. સાગર જગલાન (74 કિગ્રા) અને મનીષા ભાનવાલા (57 કિગ્રા) મેડલ રેસમાંથી બહાર થઈ ગયા હતા.

## દીપક પુનિયાએ 97 કિગ્રા ફ્રીસ્ટાઇલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો



નાગોયા, તા. 3 (પીટીઆઇ): ભારતીય રેસલર દીપક પુનિયાએ એશિયન ગેમ્સમાં પોતાનો બીજો મેડલ જીતતા શનિવારે પુરૂષોની 97 કિગ્રા ફ્રીસ્ટાઇલ વર્ગમાં બ્રોન્ઝ મેડલ સર કર્યો હતો. 27 વર્ષીય દીપકે બ્રોન્ઝ મેડલ પ્લે-ઓફ મુકાબલામાં મંગોલિયાના ગાનખુયાંગ ગાનબાતારને 2-1થી પરાજીત કર્યો હતો. આ અગાઉ 2023 હેંગઝોઉ એશિયાડમાં સિલ્વર મેડલ જીતનાર દીપકને સેમિફાઇનલમાં ઉઝબેકિસ્તાનના શેર્ઝોદ પોયોનોવ સામે 8-9થી રોમાંચક હારનો સામનો કરવો પડ્યો હતો. 86 કિગ્રામાંથી 97 કિગ્રા કેટેગરીમાં આવેલા દીપકે ટૂર્નામેન્ટની શરૂઆતમાં ચીનના જુનપેંગ ઝાઉને 12-2થી હરાવ્યા બાદ ક્વાર્ટર ફાઇનલમાં વોકઓવર મેળવી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. 2019 વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલ્વર મેડલ વિજેતા દીપકના નામે એશિયન ચેમ્પિયનશિપના 5 મેડલ પણ છે.

# પ્રણવીએ રચ્યો ઈતિહાસ, ગોલ્ફ સિંગલ્સમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની

**24** વર્ષના લાંબા અંતરાલ બાદ ભારતે ગોલ્ફમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

**મહિલા** ટીમ સ્પર્ધામાં ભારતે સિલ્વર પર કબજો કર્યો



નાગોયા, તા. 3 (પીટીઆઈ): મૈસૂરની 23 વર્ષીય ગોલ્ફર પ્રણવી ઉર્સે શનિવારે એશિયન ગેમ્સના ઈતિહાસમાં વ્યક્તિગત ગોલ્ફમાં ગોલ્ડ મેડલ જીતનારી દેશની પ્રથમ મહિલા બનીને નવો ઈતિહાસ રચી દીધો છે. આ સાથે જ 2002 પછી એટલે કે 24 વર્ષના લાંબા અંતરાલ બાદ ભારતે એશિયાડમાં પુરુષ કે મહિલા ગોલ્ફમાં સિંગલ્સ ગોલ્ડ જીતવાનો આ પ્રથમ રેકોર્ડ બનાવ્યો છે.

મેચના ચોથા દિવસે ત્રીજા હોલ પર તીવ્ર દબાણ છતાં પ્રણવીએ શાનદાર વાપસી કરીને ચીન અને સિંગાપોરની દાવેદારોને પછડાટ આપી હતી. પ્રણવીએ કુલ 15-અંડર 265ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. પ્રણવીના આ ઐતિહાસિક પ્રદર્શન ઉપરાંત અદિતિ અશોક અને દીક્ષા ડાગરના સામૂહિક પ્રદર્શનના જોરે ભારતીય મહિલા ગોલ્ફ ટીમે કુલ 546ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. મહિલા ગોલ્ફ ક્ષેત્રે એશિયન ગેમ્સના 44 વર્ષના ઈતિહાસમાં ભારતનું આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાબિત થયું છે.

# અંતિમ પંઘાલને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો

મહિલાઓની 53 કિગ્રા ફાઈનલમાં ભારતની અંતિમ પંઘાલને 2024ની વર્લ્ડ ચેમ્પિયન જાપાનની મેઈ મિયોકા સામે 1-9થી હારનો સામનો કરવો પડ્યો હતો, જેથી તેને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. આમ 2018માં વિનેશ ફોગાટ પછી એશિયાડમાં ગોલ્ડ જીતનારી બીજી ભારતીય મહિલા રેસલર બનવાનું અંતિમનું સ્વપ્ન અધૂરું રહ્યું હતું.

# કુંકુમ મોહોદે મહિલા વ્યક્તિગત રિકર્વમાં ભારતને અપાવ્યો પ્રથમ ગોલ્ડ

**શૂટ-આઉટમાં** સાઉથ કોરિયાની તીરંદાજને હરાવી એશિયાડમાં આ સ્પર્ધામાં મેડલ જીતનારી ભારતની પ્રથમ મહિલા તીરંદાજ બની

**દેશ** માટે 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક ક્વોટા પણ સુરક્ષિત કર્યો




નાગોયા, તા. 3 (પીટીઆઈ): મહારાષ્ટ્રની યુવા તીરંદાજ કુંકુમ મોહોદે શનિવારે રોમાંચક ફાઈનલમાં સાઉથ કોરિયાની ઓહ યેજિનને શૂટ-આઉટમાં 6-5થી હરાવીને એશિયન ગેમ્સમાં મહિલા વ્યક્તિગત રિકર્વ તીરંદાજીમાં ભારતને પ્રથમ વખત ગોલ્ડ મેડલ અપાવી ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. એશિયાડમાં આ સ્પર્ધામાં મેડલ જીતનારી તે ભારતની પ્રથમ મહિલા તીરંદાજ બની છે.

કુંકુમે ક્વાર્ટર ફાઈનલમાં વર્લ્ડ ચેમ્પિયન કાંગ ચાઈયંગ અને સેમિફાઈનલમાં વિશ્વની પૂર્વ નંબર-1 જિંગયી ઝૂને હરાવી ફાઈનલમાં જગ્યા બનાવી હતી. 5-5ની બરાબરી બાદ શૂટ-આઉટમાં કોરિયાઈ ખેલાડીએ 8 પોઈન્ટ મેળવ્યા હતા, જ્યારે કુંકુમે દબાણ વચ્ચે પરફેક્ટ 10નો સ્કોર કરીને દેશ માટે ગોલ્ડ જીત્યો હતો.

આ ગોલ્ડ સાથે કુંકુમે એશિયન ગેમ્સમાં કુલ 3 મેડલ (2 ગોલ્ડ, 1 સિલ્વર) પોતાના નામે કર્યા છે. તદુપરાંત, આ સફળતા સાથે તેણે 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે ભારતનો પ્રથમ ક્વોટા પણ નિશ્ચિત કરી લીધો છે.

# ભારતે વેસ્ટઈન્ડઝને આપ્યો 352 રનનો લક્ષ્યાંક

**રોહિતે** શાનદાર 92 રન બનાવ્યા સદી ચુક્યો, ઋતુરાજના 57 રન

**કોહલી** શૂન્ય પર આઉટ થયો, જેડન સીલ્સે 3 વિકેટ ઝડપી




મુલ્લાંપુર, તા. 3 (પીટીઆઈ): મુલ્લાંપુર ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં કે એલ રાહુલની અણનમ ૧૨૯ રનની શાનદાર સદી અને રોહિત શર્માના ૯૨ રનની મદદથી ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે સાત વિકેટે ૩૫૧ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. શરૂઆતમાં બે વિકેટ ઝડપથી ગુમાવ્યા બાદ ભારતીય ટીમે શાનદાર પુનરાગમન કર્યું હતું.

પ્રથમ બેટિંગ કરતા ભારતે શુભમન ગિલ અને વિરાટ કોહલીની વિકેટ માત્ર ચાર રનમાં ગુમાવી દીધી હતી. શરૂઆતી ઓવરોમાં પીચ પરથી ઝડપી બોલરોને મદદ મળી રહી હતી, જેના કારણે પાવરપ્લેમાં માત્ર ૨૮ રન બન્યા હતા. ત્યારબાદ રોહિત શર્મા અને રુતુરાજ ગાયકવાડે ૧૩૭ રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવીને ઈનિંગ સંભાળી હતી. રોહિત શર્માએ ૮૫ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૯૨ રન ફટકાર્યા હતા, જ્યારે રુતુરાજ ગાયકવાડે ૬૯ બોલમાં ૫૭ રનનું યોગદાન આપ્યું હતું.

ઈનિંગના અંતિમ ચરણમાં કેએલ રાહુલે વિસ્ફોટક બેટિંગ કરી હતી. રાહુલે પોતાની કારકિર્દીની નવમી વનડે સદી ફટકારતા અણનમ ૧૨૯ રન બનાવ્યા હતા. આ ઉપરાંત નમન ધિરે ૨૧ બોલમાં ૩૦ રનની ઝડપી ઈનિંગ રમી હતી.

વેસ્ટ ઈન્ડિઝ તરફથી જેડન સીલ્સે શાનદાર બોલિંગ કરતા ૩ વિકેટ ઝડપી હતી. આ પ્રકારે ભારતીય બેટર્સના શાનદાર પ્રદર્શનથી ટીમ ૩૫૧ સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી.

# નીરજ ચૌહાણે પુરુષ રિકર્વમાં બ્રોન્ઝ મેડલ જીત્યો



નાગોયા, તા. 3 (પીટીઆઈ): એશિયન ગેમ્સ 2026માં શનિવારે રમાયેલી પુરુષોની ઇન્ડિવિજ્યુઅલ રિકર્વ તીરંદાજીની ઓલ-ઈન્ડિયન (બંને ખેલાડી ભારતીય હતા) બ્રોન્ઝ મેડલ મેચમાં નીરજ ચૌહાણે ટોચનો સીડ ધરાવતા દેશબંધુ ધીરજ બોમ્માદેવરાને 6-4થી પરાજય આપી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

રોમાંચક મુકાબલામાં નીરજ એક સમયે 2-4 થી પાછળ ચાલી રહ્યો હતો, પરંતુ તેણે દબાણ વચ્ચે શાનદાર વાપસી કરી ચોથા સેટમાં 30 માંથી 30 નો પરફેક્ટ સ્કોર બનાવી મેચ 4-4 થી સરભર કરી હતી. નિર્ણાયક આખરી સેટમાં નીરજે સંયમ જાળવી રાખીને 10, 9, 10 ના સ્કોર સાથે જીત નોંધાવી હતી. આ સફળતા સાથે નીરજ એશિયન ગેમ્સના ઈતિહાસમાં પુરુષ ઇન્ડિવિજ્યુઅલ રિકર્વમાં મેડલ જીતનાર તરુણદીપ રાય (2010 ગ્વાંગઝૂ સિલ્વર) પછી માત્ર બીજો ભારતીય તીરંદાજ બન્યો છે.

આ બંને તીરંદાજોએ શુક્રવારે પુરુષ ટીમ સ્પર્ધામાં એકસાથે સિલ્વર મેડલ જીત્યો હતો, પરંતુ સેમિફાઈનલમાં પરાજય બાદ તેઓ બ્રોન્ઝ માટે આમને-સામને આવ્યા હતા.

આ જીત સાથે ભારતે એશિયન ગેમ્સ તીરંદાજીમાં 5 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ સહિત કુલ 9 મેડલ મેળવી પોતાના અભિયાનનો અંત આર્ચેરી ટેલીમાં ટોચના સ્થાને કર્યો છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### દુબઇના પાટવી કુંવરે...

થયા હતા. ક્રાઉન પ્રિન્સ હમદાને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા મચ્છરની મુલાકાત લીધી હતી અને મુલાકાતની તસવીરો X પર પોસ્ટ કરી હતી. હમદાન, જેઓ UAEના નાયબ વડાપ્રધાન અને સંરક્ષણ મંત્રી પણ છે, તેમણે જણાવ્યું હતું કે ફ્લાઈદુબઈના પાઈલટે હિંમત, જવાબદારી અને માનવ જીવનની સંભાળનું સર્વોચ્ચ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે કહ્યું, અમારા તરફથી અને દેશના નેતૃત્વ તરફથી, તેઓ પૂર્ણ પ્રશંસા અને આદરને પાત્ર છે. ક્રાઉન પ્રિન્સે વધુમાં ઉમેર્યું, અમને ગર્વ છે કે તેઓ અમારી ટીમનો ભાગ છે... અમારા દેશની સ્ટોરીનો ભાગ છે... અને યુએઈ જે મૂલ્યો ધરાવે છે તેનો ભાગ છે... કરુણાનો દેશ... શાંતિનો દેશ... અને જીવનનો દેશ. યુએઈ સ્થિત ભારતીય દૂતાવાસે અગાઉ જણાવ્યું હતું કે મચ્છરની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે અને તેઓ તબીબી દેખરેખ હેઠળ છે.

### હોર્મુઝ સ્ટ્રેટમાં...

છે, જે ભારત માટે સામાન લઈને જઈ રહ્યા છે. આ 12 જહાજો પર લગભગ 163 ભારતીય નાવિકો સવાર છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે 26 સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ)ની 81મી બેઠકમાં વ્યાપારી જહાજો અને નાવિકો પર થતા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

### તેજસમાં વિલંબથી...

ખરીદવામાં આવનારા રાફેલ લડાયક વિમાનોના આગમનથી પરિસ્થિતિમાં સુધારો થશે.

એર ચીફ માર્શલ સિંહે પાકિસ્તાન દ્વારા ચીન સાથે મળીને ફિફ્થ-જનરેશન ફાઈટર જેટ પર કરવામાં આવી રહેલા સહયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. ભારતીય વાયુસેનાની લડાયક ક્ષમતા વધારવાના ઉપાયો વિશે વધુ માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, જો બધું આયોજન મુજબ ચાલશે તો સરકાર આ ચાલુ નાણાકીય વર્ષ સુધીમાં MRFA સોદાને આખરી ઓપ આપવાનું વિચારી રહી છે. હવાળ દળ તેજસ વિમાનોને જલ્દી શામેલ કરવા માગે છે કારણ કે તેના ફાઇટર જેટ સ્ક્વોડ્રનની સંખ્યા ઘટીને ૨૯ રહી ગઈ છે. ફેબ્રુઆરી 2021માં સંરક્ષણ મંત્રાલયે HAL સાથે 83 તેજસ માર્ક-1A વિમાનો માટે 48,000 કરોડનો કરાર કર્યો હતો. વિમાનોનો પહેલો જથ્થો માર્ચ 2024માં મળવાનો હતો. જોકે, અત્યાર સુધી વાયુસેનાને એક પણ વિમાન મળ્યું નથી.

### વૈશ્વિક અનિશ્ચિતતા...

સ્થાનિક કાર્યકારી ક્ષમતા વધારવા સપ્લાય ચેઈનને અનુકૂળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સીતારામને જણાવ્યું હતું કે R|D પર ભારતનો ખર્ચ જીડીપીના ૦.૮૩ ટકા છે, જે ઓઈસીડી (OECD) દેશોના ૨.૭ ટકાની સરખામણીએ ઘણો ઓછો છે, જ્યારે ભારતના કુલ R|D ખર્ચમાં ખાનગી ક્ષેત્રનો હિસ્સો માત્ર ૩૬ ટકા છે. ખાનગી ક્ષેત્રને રોકાણના ચક્રનું નેતૃત્વ કરવા માટે આહ્વાન કરતા સીતારામને કહ્યું, આપણી ઈનોવેશન ક્ષમતાને મજબૂત કરવા માટે રોકાણનું પ્રમાણ અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી બંને વધારવી આવશ્યક છે.

### અમેરિકાના ક્લિવલેન્ડમાં...

કાર્યવાહી કરવા વિનંતી કરી છે. "આ વાસ્તવિકતા છે. ઓનલાઈન નફરત હવે હિંદુ મંદિર પર વાસ્તવિક દુનિયાના હુમલામાં બદલાઈ ગઈ છે," એમ HAFના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુહાગ શુક્લાએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. હુમલો કોણે કર્યો તે તરત સ્પષ્ટ થયું ન હતું, ભૂતકાળમાં અમેરિકામાં શીખ ખાલિસ્તાનવાદીઓએ અનેક હિન્દુ મંદિરો પર હુમલા કર્યા છે.

### શાંતિ માટે...

આ ટિપ્પણીઓ આવી છે. સિબિહાએ જણાવ્યું હતું કે સંભવિત યુદ્ધવિરામના પ્રસ્તાવો ભારત, તુર્કી, ઈજિપ્ત અને અમેરિકા તરફથી આવ્યા છે. તેમણે ઉમેર્યું કે કિઈવ યુદ્ધવિરામ માટેના વિવિધ સ્વરૂપો પર વિચાર કરવા તૈયાર છે, પરંતુ કોઈ પણ સમજૂતીમાં માત્ર સૈન્ય કાર્યવાહી જ નહીં, પરંતુ ઊર્જા અને બંદર માળખાકીય સુવિધાઓ પરના હુમલા અને બ્લેક સીની સ્થિતિનો પણ સમાવેશ થવો જોઈએ.

ગુરુવારે પુતિને કહ્યું હતું કે મોદી, તેમના નજીકના સંબંધો હોવા છતાં, આ સંઘર્ષનો અંત લાવવાનો મુદ્દો સાતત્યપૂર્ણ રીતે ઉઠાવે છે અને બંને નેતાઓ વચ્ચેની દરેક બેઠકમાં આ બાબત ચર્ચે છે.

## આજનું પંચાંગ

**તા. 04/10/2026, રવિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948

**વીર સંવત** : 2552 **માસ** : ભાદરવો

**તિથિ**: વદ: નોમ: 27:55- નવમી શ્રાદ્ધ

**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ

**રાષ્ટ્રિય દિનાંક** : આસો-12

**યોગ** : પરિઘ, **કરણ**: તૈતિલ

**નક્ષત્ર** : પુનર્વસુ:- 24:14

**રાશિ**: મિથુન (ક,છ,ઘ) 18:33 પછી કર્ક (ડ,હ)

**દિવસ** : સૌભાગ્યવતીનું શ્રાદ્ધ

**સુરતમાં સૂર્યોદય** : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:23

**નવકારસી** : 07:20

**પારસી વર્ષ** : 1396 અરદીબેહેસ્ત માસનો 21મો રોજ

**મુસલમાન વર્ષ** :1448 રબિઉલ આખર માસનો 22મો રોજ

**દિવસનાં ચોઘડિયાં**: ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ

**રાત્રિનાં ચોઘડિયાં**: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ

**રાહુ કાળ** : સાંજે: 16:30 થી 18.00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,)**: ગુસ્સા પર કાબૂ રાખવો. કોમ્યુનિકેશન અને સોશિયલ મિડીયાથી પ્રભાવ વધશે. જીવનસાથીનો સાથ મળે.

**વૃષભ (બ,વ,ઉ,)**: બચતની યોજના બને. લાગણીઓના સંબંધ મજબૂત બને. આર્થિક વ્યવહાર અને લેવડ-દેવડ સાવધાની રાખવી.

**મિથુન (ક,છ,ઘ,)**: આરોગ્ય સુધરે, રંગીન અને રસિક મુલાકાત થાય. આત્મવિશ્વાસ વધશે. સકારાત્મક વિચારોથી ઊર્જાનો અનુભવ થાય.

**કર્ક (ડ,હ,)**: મોજ-શોખ પાછળ ખર્ચા અને પ્રવાસ થાય. વેપાર-ધંધા માટે સામાન્ય દિવસ પ્રેમ પ્રકરણમાં ધીરજ રાખવી.

**સિંહ (મ,ટ,)**: મહત્ત્વાકાંક્ષાને બળ મળે. વેપાર-ધંધામાં આવક વધે. રોકાણનું પરિણામ મળે. પ્રેમ પ્રકરણમાં તાલમેળ વધશે.

**કન્યા (પ,ઠ,ણ,)**: વેપાર-ધંધામાં મહત્ત્વનાં ફેરફારથી લાભ થાય. નોકરીમાં અનુકૂળતા રહે. સમાજ જીવનમાં ઉત્સાહ વધશે.

**તુલા (ર,ત,)**: ડિજીટલ કે ઓનલાઈન વેપારમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. આવક વધવાથી બચતની યોજના બને.

**વૃશ્ચિક (ન,ય,)**: જોખમ લેવુ નહી. ખાસ કરીને નવા રોકાણ બાબતે અને પડવા વાગવાથી સાવધાન રહેવું. ખાવા પીવામાં સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,)**: અટકેલા કામ અને ધન બાબતે પ્રગતિ થાય. પ્રેમમાં સંબંધો મજબૂત બને. માનસિક અને શારીરિક શક્તિનો સાથ મળે.

**મકર (ખ,જ,)**: વાદ-વિવાદથી બચવું. ખર્ચા વધશે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. હરીફો સક્રિય થશે. આત્મવિશ્વાસ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,)**: અચાનક આવક વધારવાના નવા રસ્તા ખૂલશે. જીવનસાથીનો સાથ મળે. નવા વેપારી સંપર્કો વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,)**: પ્રોપર્ટી અને બાંધકામને લગતા કામ પાર પડે. નવી તક મળે. પેટની કાળજી રાખવી. આવક વધશે.

## કોઈ પણ સાલમાં 04 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવા ફેર-ફાર થાય. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવા પડે. દોડધામ જવાબદારી, કાર્યબોજ અને સ્થાનફેરથી માનસિક અને શારીરિક થાક આરોગય પર અસર કરે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. વેપાર, ધંધા, સમાજ વગેરેમાં હરીફો વધશે. ઉઘરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં મદદથી અટકેલા કામ પાર પડે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્યવર્ષમાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ રહે. વારસા, જાયદાદ, જમીન જેવો કામમાં વડીલોની મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓની મહેનત ફળ, વિદેશના કામમાં ગતિ આવે. સ્ત્રી વર્ગ માટે વર્ષ અનુકૂળ રહે. ખાસ નોકરિયાતને મદદ મળતી રહે. પ્રેમ વિવાહમાં અનુકુળતા થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંત મળે. જૂન-જુલાઈ, રવિ-સોમ-બુધવારે 04, 13, 22, 31 તારીખે નવાં કામ કરવાં. નીલા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર- ડીસેમ્બરના શુક્ર-શનિવારે 07,16, 25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતા રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કૃમિનાશક યોગ

આંતરડામાં થતાં કૃમિ બાળકોને ખૂબ તંગ કરે છે. કેટલાક યોગ તૈયાર મળે છે. વૈદ્યરાજની સલાહ લઈ વાપરી શકો છો. વિડંગારિષ્ટ, કૃમિ કુઠાર રસ, કૃમિ મુદગરરસ, કૃમિઘાતિની ગુટિકા, વિડંગાદિ લોહ, જમ્બિરદ્રવાસવ વિગેરે. દરેકની માત્રા, અનુપાન વિશે જોતા રહો.